**<u>સુરતના મહે. ૧૪માં એડી. સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં., સુરત</u>**

ફોજદારી કેસ નં–૧૩૨૬૯૬/૨૦૨૪
આંક–

ફરિયાદી.... શ્રી અશ્વીની કુમાર આસી. ડીરેકટર ઓફ બ્યુરો ઓફ ઇન્ડીયન સ્ટાન્ડર્ડસ

// <u>વિ રૂ ધ્ધ</u> //

આરોપી....(૧) મે. રાજેશ્વર ટોય વર્લ્ડ
૧૦–૧૨૮૫–એ, દેસાઇ પોળ, ગોપીપુરા, સુરત.
(૨) ગોવિંદ કેશારામજી પટેલ (પ્રોપરાઇટર)
૧૦–૧૨૮૫–એ, દેસાઇ પોળ, ગોપીપુરા, સુરત.

**<u>ગુનો – ભારતીય માનક બ્યુરોની કલમ-૧૭(૧) સાથે વંચાણે લેતા કલમ ૨૯ (૧) મુજબ</u>**

*<u>ચુકાદો</u>*

૧) આ કામના આરોપી સામે ભારતીય માનક બ્યુરોની કલમ-૧૭(૧) સાથે વંચાણે લેતા કલમ ૨૯(૧) મુજબના શિક્ષા પાત્ર ગુના અંગેનો આરોપ છે. સદર કામે આરોપીને સમન્સ કરતા આરોપી પોતાના વિ.વ શ્રી સાથે હાજર થતા આ કામે આરોપીને ફરીયાદ તથા સાથે રજુ દસ્તાવેજી પુરાવાની નકલો વિના મુલ્ય પુરી પાડવામાં આવેલ ત્યારબાદ આ કામે ફરીયાદી દ્ધારા આ કામના આરોપીની ફરીયાદમાં જણાવેલ સર્ચસિઝર દરમ્યાન પકડાયેલ હોય તેમજ સદર તેમની સંસ્થા સામેનો આક્ષેપિત ગુનો કબુલ કરવા માંગતા હોય તે મતલબની લેખિત ગુના કબૂલાત પુરસીસ આંક-૬ રજુ કરતા આરોપીને તેની સામે આક્ષેપાયેલ ગુના અંગેની સમજ કરવામાં આવેલ અને આરોપી કોઈ પણ જાતના દાબદબાણ વગર સ્વૈચ્છિક રીતે ગુનો કબૂલ કરતા હોવાનું જણાવેલ અને આરોપીની આંક- ૫ થી પ્લી રેકર્ડ કરતા તેમા પણ આરોપીઓએ ગુનો કબૂલ કરતા હોવાનુ જણાવેલ છે. આ કામે કબૂલાત પુરસીસ પરનો ફરીયાદી દ્ધારા શેરો કરી જણાવવામા આવેલ છે કે એક્ટની જોગવાઈઓ અનુસાર યોગ્ય ન્યાયોચીત હુકમ કરવા અરજ છે.

૨) આમ આરોપી તેમની સામેનો ગુનો સ્વૈછિક રીતે કબુલ કરતા હોય અને તે અંગેની લેખિત ગુના કબૂલાત પુરસીસ રજુ કરેલ છે તેમજ આરોપીએ ગુનાની કબૂલાત પુરસીસમા જણાવેલ છે કે તેઓની ગુનો કબૂલ મંજુર છે તેમનો આ પ્રથમ ગુનો છે અને આરોપી દ્ધારા શરતચૂકથી લાયસન્સ રહી ગયેલ છે અને જે માલ બનેલ છે તે

સ્ટાન્ડર્ડ માર્ક મુજબ બનેલ છે અને તેઓની ઉપર દયા કરી માત્ર યોગ્ય રકમનો દંડ કરવા વિનંતી કરેલ છે. તેમજ ગુનાના કામમાં ભારતીય માનક બ્યુરોની કલમ-૧૭(૧) સાથે વંચાણે લેતા કલમ ૨૯(૧) કલમ તેમજ સી.આર.પી.સીની કલમ-૨૦૦ જોતા સદર ગુનામાં મહત્તમ સજા ન કરતા પ્રથમ વાર કાયદાનો ભંગ થયેલ હોય, ઓછામાં ઓછી સજા તથા ઓછામાં ઓછો દંડ કરવાનુ ન્યાયિક જણાતુ હોય, જેમાં આરોપી નં ૧ પ્રોપરાઇટર પેઢી છે તેમજ આરોપી નં ૨ તેના પ્રોપરાઇટર છે જેથી આરોપી નં-૧ને સજા કરવી યોગ્ય જણાતી નથી. આમ આરોપી તેઓની સામેનો ગુનો સ્વૈછિક રીતે કબુલ કરતા હોય આરોપીની સ્વૈચ્છિક ગુના કબુલાતનો સ્વીકાર કરી કેસની હકિકતો અને સંજોગો દયાને રાખી સદર હુ ગુનામાં આરોપી નં ૨ નાઓને તકસીરવાન ઠરાવી ન્યાના હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

૧) આ કામના આરોપી ગોવિંદ કેશારામજી પટેલ પ્રોપરાઇટર ઓફ મે. રાજેશ્વર ટોય વલ્ડ, ૧૦–૧૨૮૫–એ, દેસાઇ પોળ, ગોપીપુરા, સુરતનાને ક્રિ.પ્રો.કોડ કલમ-૨૫૨ અન્વયે તેની સામે માનક બ્યુરોની કલમ-૧૭(૧) સાથે વંચાણે લેતા કલમ-૨૯(૧) મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પુરા) દંડ અને જો આરોપીઓ દંડ ના ભરે તો દિન-૧૫ (પંદર) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

૨) આ કામના આરોપી નં. ૧ નાઓ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૩) સદર દંડની રકમ જમા થયેથી ફરીયાદી સંસ્થાને દંડની રકમ પૈકીની ૨૫ % રકમ વળતળ તરીકે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આ કામે કબ્જે કરેલ મુદ્ધામાલ ફરીયાદી સંસ્થાએ ફોરફીચ કરવો તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૮/૦૩/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૩/૨૦૨૫
સુરત.

(કે.બી.ભાવસાર )
૧૪માં જયુડી.મેજી.ફ.ક.સુરત
યુ.આઇ.ડી. નં–જીજે ૦૧૭૫૫